# મોડાસામાં કોંગ્રેસ દ્વારા સરકારી નોકરી ભરતી કૌભાંડનો વિરોધ

## મંત્રી ભુપેન્દ્રસિંહના રાજીનામાની માંગ : જિલ્લા પંચાયત પ્રમુખ સહિત ત્રણ ધારાસભ્યોની આગેવાની હેઠળ વિરોધ પ્રદર્શન

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા શનિવારે મોડાસા ચાર રસ્તા પર મોડાસા, બાયડ, ભિલોડાના ત્રણ ધારાસભ્યોની આગેવાનીમાં કોંગ્રેસી કાર્યકરો અને જિલ્લા પંચાયત પ્રમુખ સહિત મહિલા મોરચા દ્વારા ૨૦૧૪ના અત્યંત વિવાદીત તલાટી ભરતી કૌભાંડ મંત્રી ભુપેન્દ્રસીંહ ચુડાસમા અને અધિકારીઓની સાંઠગાંઠથી ચાલી રહ્યુ હોવાના આરોપો થતા ભાજપા સરકાર અને શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસીંહ ચુડાસમા વિરૂદ્ધ ભારે સૂત્રોચ્ચાર કરી તાત્કાલીક રાજીનામા માંગ સાથે સરકારી નોકરીઓની દુકાન (ભાજપા સરકાર માન્ય દુકાન)ના બેનર હેઠળ વિરોધ પ્રદર્શન કરી ઉગ્ર રોષ ઠાલવ્યો હતો.




૨૦૧૪ના અત્યંત વિવાદીત તલાટી ભરતી કૌભાંડના મુખ્ય સૂત્રધાર ડૉ. કલ્યાણસીંહ ચંપાવતે ગુજરાત સરકારમાં છેલ્લા પંદર વર્ષમાં ૫૦,૦૦૦થી વધુ લોકોએ ૧૦ થી ૫૦ લાખ આપી ગેરકાયદેસર રીતે નોકરી મેળવી છે અને રાજ્યના આ ભરતી કૌભાંડનું કદ મધ્યપ્રદેશના વ્યાપમ કૌભાંડથી પણ મોટુ છે એવો આક્ષેપ સાથે સમગ્ર કૌભાંડનુ કદ ૧૦,૦૦૦ કરોડનું થાય છે તેમજ આ કૌભાંડ મંત્રી ભુપેન્દ્રસીંહ ચુડાસમા અને અધિકારીઓની સાંઠગાંઠથી વ્યવસ્થિત ચાલુ રહેવાનો દાવો થતા આ સરકારી નોકરી કૌભાંડના ગંભીર પ્રત્યાઘાત સામાન્ય જનતા અને રાજકીય પક્ષોમાં પડ્યા હતા. ત્યારે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા શનિવારે મોડાસા ચાર રસ્તા પર જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધી, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોર, બાયડના ધારાસભ્ય મહેન્દ્રસીંહ વાઘેલા તેમજ ભિલોડાના ધારાસભ્ય અનિલ જોષીયારાની આગેવાની હેઠળ મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકરો અને મહિલા મોરચાએ હાજર રહી વ્યાપમથી પણ મોટા ભરતી કૌભાંડની તટસ્થ ન્યાયીક તપાસની માંગ સાથે ભુપેન્દ્રસીંહ ચુડાસમા સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. જ્યારથી ભુપેન્દ્રસીંહ ચુડાસમા શિક્ષણમંત્રી અને પંચાયત મંત્રી બન્યા છે ત્યારથી રાજમાં કૌભાંડોની હારમાળા સર્જાઈ છે. આ કૌભાંડ આચરનાર મંત્રી સહિત ભાજપના વરિષ્ઠ નેતાઓને કૌભાંડમાં સંડોવણી હોવાની સ્પષ્ટ ચીત્ર પેદા થઈ રહ્યું છે.

દેશના વડાપ્રધાન ખાતો નથી અને ખાવા દેતો નથી અને ભ્રષ્ટાચાર મુક્ત ભારતની વાત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના રાજકારણે નવી ઉંચાઈએ પહોંચાડવા ગુજરાત રાજ્યની કેસેટ દરેક જગ્યાએ વગાડી રહ્યા છે ત્યારે ગુજરાત રાજ્યમાં ભ્રષ્ટાચારે માઝા મુકી છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેમ ચૂપ બેઠા છે તે ખરેખર ખેદજનક હોવાનુ કોંગ્રેસીઓએ ભારપૂર્વક જણાવ્યું હતું. દેશનું સૌથી મોટુ વ્યાપમ ભરતી કૌભાંડને ટપી જાય તેવુ ગુજરાત રાજ્યની સરકારી નોકરીઓમાં મંત્રીઓ અને અમલદારોએ આચર્યુ હોવાથી આ કૌભાંડની તપાસ તટસ્થ કરવા માંગ કરી હતી. 'કોંગ્રેસી કાર્યકર્તાના જણાવ્યા મુજબ સરકારી નોકરી મેળવવા ફક્ત બી લખતા અને ૧૦ લાખ રૂપિયા તૈયાર જોઈએ. અભ્યાસની કે બુદ્ધીમત્તાની જરૂરીયાત નથી તેવુ આ કથીત કૌભાંડથી આજના બેરોજગાર યુવાનો વિચારી રહ્યા છે.



## રહીયોલ નજીક રાત્રીના સમયે બે ટ્રક વચ્ચે અકસ્માત

અરવલ્લી જિલ્લાના ધનસુરા-મોડાસા રાજ્ય ધોરીમાર્ગ પર ધનસુરાના રહીયોલ ગામે શુક્રવારે રાત્રીના સમયે અગમ્ય કારણોસર ગેસ ભરેલ ટેન્કર (ગાડી નં. એચઆર.યુ૧.૯૮૬)ના ચાલકે ટેન્કર રોડની સાઈડમાં ઉભુ રાખી ટેન્કરના ડ્રાયવર દ્વારા ગેસ ટેન્કરની સાઈડ લાઈટ બંધ હોવાથી મોડાસા તરફથી ધનસુરા જતા ટ્રક (ગાડી નં. આરજે૯.જીબી.૩૯૦૭)ના ચાલકે ટક્કર મારતા ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના પગલે દોડી આવેલા ગ્રામજનોએ બચાવકાર્ય હાથ ધર્યું હતું. ગેસની ટેન્કર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા નાગરીકોના શ્વાસ અદ્ધર થઈ ગયા હતા. મોટી દુર્ઘટના બનતી અટકી જતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# પાલનપુરમાં તલાટી ભરતી કૌંભાડ મામલે કોંગ્રેસે ભાજપ સરકાર વિરુધ્ધ ધરણાં યોજી સૂત્રોચ્ચાર કર્યા

પાલનપુર, તા. ૨

કોંગ્રેસની મોંઘવારીના વિરોધ વચ્ચે રાજય સરકારના તલાટી ભરતી કૌંભાંડનો મામલો બહાર આવતા કોંગ્રેસે ભાજપની સરકારને આડે હાથ લેવાનો મજબૂત મુદ્દો મળી ગયો છે.સમગ્ર રાજ્યભરમાં કોંગ્રેસે ભાજપ સરકારના શાસનમાં વધતા જતા ચીજ વસ્તુઓના ભાવને લઈને મોંઘવારીનુ સતત વિરોધ પ્રદર્શન કર્યુ હતુ.




જો કે તાજેતરમાં ભાજપ સાથે સંકળાયેલા કલ્યાણ સિંહ ચંપાવતે પ્રેસ કોન્ફરન્સ યોજી તલાટી ભરતીમાં લાખો રુપિયાનો કૌભાંડ થયો હોવાનો ઘટસ્ફોટ કર્યો હતો.આ ઘટસ્ફોટમાં રાજયના મુખ્યમંત્રી તેમજ મત્રી ભૂપેનદ્રસિંહ ચૂડાસમાએ રુપિયાના જોરે તલાટી ભરતીમાં કૌભાંડ થયો હોવાનો ચોંકાવનારો આક્ષેપ કર્યો હતો જેને લઈને રાજયભરમાં કોંગ્રેસ દ્વારા વર્તમાનની ભાજપ સરકાર સામે વિરોધ પ્રદર્શિત થઈ રહ્યા છે.જિલ્લા મથક પાલનપુર ખાતે સરકારી કચેરીના મુખ્ય ગેટ પાસે જિલ્લા કોંગ્રેસ દ્વારા ભાજપની સરકારના શાસનમાં થયેલા તલાટી ભરતી કૌંભાડને લઈને ભાજપ વિરુધ્ધ ધરણાં યોજ્યા હતા તેમજ ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા.આ વિરોધ પ્રદર્શનમાં ડીસા ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ,ધાનેરાના ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ,જીલ્લા કોંગ્રેસ પ્રમુખ ઝાકીર ચૌહાણ,કોંગ્રેસ અગ્રણી રાયમલજી તેમજ લક્ષ્મીબહેન કરેણ સહિત કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.ડીસા અને ધાનેરાના ધારાસભ્યોએ મીડિયા સાથે વાતચીતમાં જણાવ્યુ હતુ કે એક તરફ ગરીબ લોકોને નોકરી માટે ફાંફા મારવા પડે છે ત્યારે વર્તમાન સરકારના મંત્રી દ્વારા પૈસા લઈ કૌંભાડ આચરવામાં આવ્યુ છે ત્યારે આગામી સમયમા સમગ્ર રાજ્યના કોંગ્રેસના ધારાસભ્યો વિધાનસભામાં ભરતી કૌંભાડ મામલે ઉગ્ર રજૂઆત કરશે.

# અંબાજીમાં જયઅંબે સોસાયટીની મહિલાઓએ અંબાજી ગ્રામ પંચાયતમાં ભારે હોબાળો કર્યો

## ગ્રામ પંચાયતને તાળા મારવાની પણ ચિમકી : ગ્રામ પંચાયતના પ્રિમોનસુન પ્લાન સામે પણ અનેક સવાલો ઉઠી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨

યાત્રાધામ અંબાજીમાં ચાલુ સિઝનમાં પડેલાં ભારે વરસાદનાં કારણે અનેક સોસાયટીઓમાં પાણી ભરાયાં હતા. જેને લઈ ને લોકો માં ભારે રોષ જોવા મળ્યો હતો. છે. ત્યારે જય અંબે સોસાયટી માં પડેલી ઠેર ઠેક ગંદકીનાં પગલેં રોગચાળા ની ભીતી પણ સેવાઈ રહી છે. જેને લઈ સોસાયટી ની મહીલાઓએ અંબાજી ગ્રામ પંચાયત માં ભારે હોબાળો મચાવ્યો



સોસાયટીઓમાં વરસાદી પાણી નાં નિકાલ ની કોઈજ વ્યવસ્થા ન કરાતાં ગ્રામ પંચાયત નું પ્રિમોનસુન પ્લાન સામે પણ અનેક સવાલો ઉઠી રહ્યા હતો ને માત્ર ચુંટણી નાં સમય વોર્ટ માટે જ સોસાયટીઓમાં નેતા ફરતાં હોય છે ને જ્યારે તકલીફો પડે છે. ત્યારે કોઈ નેતા ફરકતાં ન હોવાનો આક્ષેપ કરાયો હતો ને તાજેતર માં જ પડેલાં ભારે વરસાદ નાં ઝાંપટા




થી સોસાયટીઓ નાં અનેક મકાનો માં પાણી ભરાયાં હતા ને ઠેર ઠેર ગંદકી નું પણ પ્રમાણ વધુ જોવા મળ્યુ હતુ ત્યારે પંચાયત માં રજુઆત કરવાં આવેલી મહીલાઓએ જણાવ્યુ હતુ કે અનેક વાર રજુઆત કરવાં છતાં તેમનાં પ્રશ્નો નો નિકાલ આવતો નથી ને અંતે ગ્રામ પંચાયત ને તાળા મારવાની પણ ચિમકી ઉચ્ચારવામાં આવી છે.જ્યારે સરંપચે જણાવ્યુ હતુ કે પાણી ભરાવાની સમસ્યા અંબાજી ની તમામ સોસાયટીઓ માં સર્જાઇ છે ને ભૌગૌલીક પરીસ્થીતી નાં કારણે પાણી ભરાઇ જાય છે ને સોસાયટીઓમાં પાણી ઓસરતાં સફાઇ ની કામગીરી હાથ ધરવાં જણાવી રહ્યા છે.

## અંબાજી મંદિર આરતી અને દર્શન સમયમાં ફેરફાર

પાલનપુર, તા. ૨

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટની યાદીમાં જણાવાયું છે કે સૂર્યોદય અને સૂર્યાસ્ત ઋતુ પ્રમાણે ફેરફાર થવાથી અંબાજી માતા મંદિર, અંબાજીમાં યાત્રાળુઓની સગવડ ખાતર તા. ૬-૭-૨૦૧૬ અષાઢ સુદ-૨ (બીજ)થી આરતી તથા દર્શનનો સમય નીચે મુજબ રહેશે જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

સવારે આરતી - ૭.૩૦ થી ૮.૦૦
દર્શન સવારે ૮.૦૦ થી ૧૧.૩૦
મંદિર મંગળ (રાજભોગ) ૧૧.૩૦ થી ૧૨.૩૦
દર્શન બપોરે ૧૨.૩૦ થી ૧૬.૩૦
મંદિર મંગળ - ૧૬.૩૦ થી ૧૯.૦૦
આરતી સાંજે ૧૯.૦૦ થી ૧૯.૩૦
દર્શન સાંજે - ૧૯.૩૦ થી ૨૧.૦૦

## મહેસાણાના દ્વારકાપુરી ફ્લેટના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યુ

મહેસાણા, તા. ૨

મહેસાણા ખાતે દ્વારકાપુરી ફ્લેટના એક બંધ મકાનમાં રાત્રિના સમયે કોઈ તસ્કરો રૂપિયા ૩.૩૫ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ સહિત અન્ય કેટલીક ચીજવસ્તુઓની ઉઠાંતરી કરી ગયા હોવાનો બનાવ બનેલ છે.

અત્રે દ્વારકાપુરી ફ્લેટના એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યુ હતુ. તસ્કરોએ બંધ મકાનનો નકૂચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. બાદ અંદરથી ચોના-ચાંદીના દાગીના, રોકડ રકમ તેમજ અન્ય ચીજવસ્તુઓની ચોરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા.

આ બનાવ અંગે મહેસાણા બી. ડીવીઝન પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે. મહેસાણા શહેર સહિત જિલ્લામાં લૂંટ, ઘરફોડ ચોરીઓ તેમજ અન્ય ગુનાખોરીનુંપ્રમાણ વધી જતા લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે.

## મહેસાણા ખાતે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના દરોડા

મહેસાણા શહેરમાં આવેલ એક ખાદ્યતેલોનું વેચાણ કરતી દુકાનમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારીઓએ અચાનક તપાસ કરી એક જાણીતી કંપનીનો કથિત નકલી કપાસીયા તેલના આઠ ડબ્બા કબજે કરી દુકાનદાર વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. શહેરની ચામુંડા ટ્રેડીંગ કંપની નામની દુકાનમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓએ દરોડો પાડ્યો હતો. જેમાં ૧૫ કિલો વજનના કથિત નકલી ખાદ્યતેલના ડબા કબ્જે કરાયા હતા. કબજે કરાયેલ માલની કિંમત રૂપિયા ૯૪૩૨ની થવા જાય છે.

## ચોમાસું -૨૦૧૬ સાબરકાંઠા જીલ્લા/ તાલુકાના અધિકારીઓની રીવ્યુ મીટીંગ યોજાઈ

નિવાસી અધિક કલેકટરશ્રી સાબરકાંઠાની સુચનાથી મામલતદાર, ડીઝાસ્ટર ધ્વારા તમામ તાલુકાના નાયબ કાર્યપાલક ઈજનેર-માર્ગ-મકાન, સિંચાઈ, સ્ટેટ, પંચાયત, નાયબ મામલતદાર પુર રાહત તથા મદદનીશ તાલુકા વિકાસ અધિકારીઓની કામગીરી રીવ્યુ મીટીંગ તારીખ ૨૮/૦૬ ના રોજ યોજવામાં આવી હતી, મીટીંગમાં ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન, ફલડ મેમોરેન્ડમ અંગે સમજુતી આપવામાં આવી હતી ,સિંચાઈ વિભાગ ધ્વારા ડેમ વોર્નિંગ સિસ્ટમ, વાયરલેસ કાર્યપદ્ધતિ અંગે જાણકારી આપવામાં આવી હતી.

# હત્યાનો ભેદ ઉકેલતી કડી પોલીસ : બે ની ધરપકડ

મહેસાણા, તા. ૨

કડી તાલુકાના અચરાસણ ગામની સીમમાં ગોળી મારીને યુવાનની કરપીણ હત્યા કરીને તેના મૃતદેહને ફેંકીને હત્યારાઓ ફરાર થઈ ગયાની બે દિવસ પહેલા સર્જાયેલી ચોંકાવનારી ઘટનાનો ભેદ શનિવારના રોજ મહેસાણા એસઓજી પોલીસે ઉકેલી નાંખ્યો હતો.

ગત મંગળવારના રોજ સાંજના સુમારે કડી તાલુકાના અચરાસણ ગામની સીમમાં આવેલ નર્મદા કેનાલ પાસે કોઈ અજાણ્યા યુવાને ગોળી મારીને તેની હત્યા કરીને ફેંકી દેવાયેલ હાલતમાં મૃતદેહ મળી આવતાં કડી પોલીસે આ અંગે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી હતી. જેમાં મહેસાણાના પોલીસ અધિક્ષક ચૈતન્ય માંડલીકની સુચના અન્વયે એસઓજીના પીઆઈ જે.એસ. ચાવડા તથા સ્ટાફે પણ આ ઘટના અંગે તપાસ હાથ ધરી હતી. જેના પગલે પોલીસે તેના મોબાઈલ લોકેશન અને સંબંધીઓની પુછપરછ હાથ ધરી હતી. તેની પત્ની સોનલ સાથે તેના પિતરાઈ ભાઈને ઠાકોર અશોકજી નાથાજીના અનૈતિક સંબંધો હતા. જેથી પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરીને અશોકજીને પકડી તેની પુછપરછ કરતાં તેણે સમગ્ર હત્યાકાંડની ચોંકાવનારી કબુલાત કરી હતી. તે મુજબ સોનલને તેનો પતિ ચમનજી છેલ્લા કેટલાક સમયથી શંકા રાખીને માનસીક ત્રાસ આપતો હતો. જેથી તેમણે ચમનજીનો કાંટો કાઢી નાંખવા માટે થોડા સમય પહેલા મનસુબો બનાવ્યો હતો.

અશોકજીએ તાજેતરમાં પોતાના મિત્ર પ્રશાંત ઉર્ફે પપ્પુ ધોબીનો સંપર્ક કર્યો હતો. અને તેની સાથે રૂ. ૧ લાખ આપીશ તેવુ કહીને ચમનજીનું કાશળ કાઢી નાંખવાની સોપારી આપી હતી. પછી તેણે તેના અન્ય સાગરીતો એવા ગૌરવ વાઘેલા, બ્રીજેશ ઉર્ફે બ્રીજુ વિનોદભાઈ ચૌહાણ વગેરેની મદદગારીથી ગત તા. ૨૮-૬-૨૦૧૬ના રોજ તિજોરી રીપેરીંગ કરાવવી છે તેવા બહાને ચમનજી ઠાકોરને કલોલથી પોતાના બાઈકો પર લઈ ગયા હતા. ત્યારબાદ તેમણે અચરાસણ ગામની સીમમાં જઈને આરોપીઓ પૈકીના ગૌરાંગ વાઘેલાએ પોતાની પાસેની રિવોલ્વરમાંથી ચમનજીના પગે અને લમણે ગોળીઓ મારીને હત્યા કરીને મૃતદેહને ત્યાં જ ફેંકી દઈને હત્યારાઓ ફરાર થઈ ગયા હતા. જો કે ચકચારી હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો હતો.



## જિલ્લા આયોજનની બેઠક યોજાઈ

જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને આજ રોજ કલેક્ટર સભાખંડમાં જિલ્લા આયોજનની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્ય કક્ષાના ગૃહમંત્રી રજનીકાન્ત પટેલ, જિલ્લા કલેક્ટર. જિલ્લા વિકાસ અધિકારી, અધિક નિવાસી કલેક્ટર, નાયબ કલેક્ટર, પ્રાંત અધિકારી, જિલ્લા પ્રાયોજના અધિકારી, સંસદ સભ્ય દીપસિંહ રાઠોડ તેમજ જિલ્લા પ્રમુખ રાજેન્દ્ર પારધી, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, બાયડના પ્રમુખ, બાયડ નગરપાલિકા પ્રમુખ, તાલુકા પ્રમુખો, જિલ્લાના તમામ સદસ્યો તેમજ જિલ્લાના તમામ અધિકારીઓ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં સરકારની ૯૨૫,૦૦ લાખની ગ્રાન્ટની જોગવાઈ સામે ૧૦૯૦,૨૦ લાખના કામો ૬ તાલુકાઓ તથા ૨ નગરપાલિકા તરફથી ગ્રાન્ટ મળેલ જેમાં અધ્યક્ષે સવાયુ આયોજન મંજુર કરવાની પરવાનગી આપી હતી.

### પોલીસ સ્ટેશનથી માત્ર ને માત્ર ૫૦૦ મીટરના અંતરમાં જ

# બાયડમાં ભરબપોરે દૂધ મંડળીના સેક્રેટરીના ૩.૩૦ લાખની લૂંટ

બાયડ, તા. ૨

બાયડ તાલુકામાં કાયદાવ્યવસ્થાનું નામો નિશાન નથી તેવું લૂંટથી દેખાઈ આવે છે. બાયડ તાલુકાની વારેણા દૂધ મંડળીના સેક્રેટરી જીલ્લા મધ્યસ્થ બેન્ક બાયડ શાખામાં સાબરડેરીમાંથી પશુપાલકોને પેમેન્ટ ચૂકવવાનું હોય તેથી સાબરકાંઠા બેંકમાં પેમેન્ટ લેવા તા. ૧-૭-૨૦૧૬ના રોજ બપોરના ૨.૩૦ કલાકે પેમેન્ટ લેવા માટે આવ્યા હતા. બેન્કમાંથી પૈસા ઉપાડી વારેણા તરફ જઈ રહ્યા હતા ત્યારે વારેણા રોડ ઉપર રેલવે ક્રોસીંગ પાસે બમ્પ નજીક બાઈક ધીમી કરતા અગાઉથી ઉભેલા લૂંટારૂઓ સેક્રેટરી જાલમસિંહની બાઈકને હાથમાંથી ૩.૭૦ લાખની રોકડ સીલક ભરેલ થેલો ખુંચવી લુંટારો રેલવે ક્રોસીંગ તરફ ભાગી છૂટ્યો હતો.

### બમ્પ પાસે બાઈક ધીમી પાડતાં બાઈકને ધક્કો માર્યો : સેક્રેટરી

બાયડ-વારેણા રોડ પર આવેલ આશારામ આશ્રમ નજીક રેલવે ક્રોસીંગ આવેલ છે ત્યાં રેલવે ક્રોસીંગની આજુબાજુમાં બમ્પ પાસે બાઈક ધીમી પડતાં બાઈકને ધક્કો મારી બોચી પકડી મને પછાડી નાખ્યો હતો અને મારા હાથમાં ૩.૭૦ લાખ રકમનો ભરેલ થેલો ખુંચવી લૂંટારૂઓ રેલવે ટ્રેક ઓળંગી રફુચક્કર થઈ ગયા હતા.

આ મામલે સેક્રેટરી બાયડ પોલીસ સ્ટેશને જાણ કરતા પોલીસ દ્વારા સીસીટીવી મધ્યસ્થ બેંકમાં કુટેજ ચેક કરાવ્યા હતા. આ ઘટના મામલે જિલ્લા પોલીસ વડા બાયડ ખાતે તાબડતોડ આવી પહોંચ્યા હતા અને ઘટના સ્થળે લુંટની તપાસ કરવામાં આવી હતી. આ લૂંટનું સ્થળ માત્ર ને માત્ર ૫૦૦ મીટર દૂર આવેલ પોલીસ સ્ટેશન છે. તેમ છતાં લુંટારૂઓ પોલીસની આંખમાં ધૂળ નાખ્યા જેવી વાત છે. આ લૂંટનો મામલો બાયડનગર ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો. પોલીસ લૂંટારૂઓને કેટલા સમયમાં ઝડપે છે તે જોવું રહ્યું.

## હિમતનગરમાં ચોમાસા દરમિયાન ત્વરિત રિસ્પોન્સ માટે તાલીમ યોજાઈ

ગત વર્ષના પોશીના, ખેડબ્રહ્મા ના ચોમાસાના અનુભવો ને ધ્યાને રાખી કલેકટરશ્રીની સુચનાથી ડીઝાસ્ટર શાખા ધ્વારા તારીખ ૨૭/૦૬ થી ૦૨/૦૭ દરમિયાન જીલ્લાના તમામ તાલુકા વાઈઝ શોધ અને બચાવ ની તાલીમોનું આયોજન કરવામાં આવ્યું હતું , જીલ્લામાં કુલ ૪૮૦ જેટલા મલ્ટીટાસ્ક કર્મચારીઓને થીયરીકલ અને પ્રેક્ટીકલ તાલીમ આપી સજ્જ કરવામાં આવ્યા છે, મામલતદાર ના સીધા સંકલનમાં યોજવામાં આવેલી આ તાલીમ માં બચાવ કામગીરી ના ૧૦ જેટલા પ્રેકટીકલનું નિદર્શન કરવામાં આવ્યું હતું, દરેક તાલુકામાં પોલીસ, હોમગાર્ડ, એન.એસ. એસ., સ્થાનિક તરવૈયા, મ. ભો. યો., એફપીએસ સંચાલક,શિક્ષકો નો તાલીમાથી તરીકે સમાવેશ કર્યો હતો , તાલીમ ના તજજ્ઞ તરીકે ત્રીલોક્કુમાર ઠાકર,ડીવીઝનલ કમાન્ડન્ટ એ ઉતરાખંડ ના વિવિધ ઉદાહરણો સહીત તાલીમ આપી હતી, તાલીમમાં દરેક નગર-પાલિકાઓના ફાયર સ્ટાફ ના કર્મચારીઓ પણ દરેક તાલુકામાં સામેલ થયા હતા, આ તાલીમાથીઓની યાદી તાલુકાના કન્ટ્રોલ રૂમે રાખી દરેક લાયઝન અધિકારીશ્રીએ ચોમાસા દરમિયાન બચાવ કામગીરી નું સંકલન કરવાનું રહેશે.